સે.૫ ખાતે વરિષ્ઠ નાગરિકોએ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં સેકટર-૫ ખાતે ગઈકાલે રામનવમીના દિવસે સિનિયર સિટિઝન હોલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ સાથે આજે સેક્ટરના વડીલો દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના "સ્વચ્છતા મશાલ માર્ચ" અંતર્ગત સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

"સ્વચ્છતા મશાલ માર્ચ" અંતર્ગત યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં સેકટર ૫ ખાતે વડીલો દ્વારા સેક્ટરમાં સફાઈ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાધીનગર શહેર વસાહત મહાસંઘના પમુખ કેશરીસિંહ બિહોલા, વોર્ડ નં.૮ના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી, ભારતીય જનતા પાર્ટીના વોર્ડ પમુખ મેહુલભાઈ પટેલ, ધમેન્દ્રભાઈ પ્રજાપતિ, ભાવેશભાઈ બારોટ, વોર્ડ નં.૮ના સેનેટરી ઈન્સપેક્ટર સોમચંદ સોલંકી, સેકટર ૫ યોગ પરિવારના સુરેન્દ્રસિંહ વાઘેલા, સેકટર ૫ વસાહત મંડળના હોદેદારો જે. વી. પટેલ, કનુભાઈ ત્રિવેદી તથા સફાઈ કામદારો સફાઈ અભિયાનમાં જોડાયા હતા અને જાહેર રીંગરોડ તથા સેકટરમાં સાફસફાઈ કરવામાં આવી હતી. આ પ્રસંગે હેપ્પી યુથ ક્લબ દ્વારા વડીલોને હેપ્પી ચકલી ઘરની ભેટ આપવામાં આવી હતી.

ઠાકોર સમાજનુ ગૌરવ

ભરતજી ઠાકોરની વર્લ્ડ ફેન્સીગ ચેમ્પિયનશીપ માટે ભારતીય ટીમના હેડ ઓફ ધી ડેલીગેશન તરીકે નિયુક્તિ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામના વતની અને હાલ સેક્ટર-પબી ખાતે રહેતા ભરતજી ઠાકોરની ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડીયાના મહામંત્રી રાજીવ મહેતા દ્વારા પ્લોદિવ, બલ્ગેરીયા ખાતે ૧ થી ૯ એપ્રિલ ૨૦૨૩ દરમ્યાન યોજાઈ રહેલ કેડેટ અને જુનિયર વર્લ્ડ ફેન્સીગ ચેમ્પિયનશીપ માટે ભારતીય ટીમના હેડ ઓફ ધી ડેલીગેશન તરીકે નિયુક્તિ કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ફેન્સીંગ (તલવારબાજી) રમતના પર્યાય સમાન ભરતજી ઠાકોર દ્વારા આ રમતની આગવી ઓળખ ઉભી કરી છે. ભરતજી ઠાકોરની તાજેતરમાં જ ઈજીપ્ત ખાતે યોજાયેલ વર્લ્ડ ફેન્સીંગ ચેમ્પીયનશીપ માં ભારતીય ટીમના હેડ ઓફ ડેલીગેશન તરીકે ભાગ લીધો હતો. આ ઉપરાંત વર્ષ ભારતીય ટીમના હેડ ઓફ ડેલીગેશન તરીકે ભાગ લીધો હતો. આ ઉપરાંત વર્ષ ૨૦૧૭માં પોલેન્ડ ખાતે યોજાયેલ ૪૦મા ચાઈલ્ડ કપ ફેન્સીંગ સ્પર્ધા ચેલેન્જ વ્રાતેસ્લેવીયામાં ભારતીય ટીમના કોચ તરીકે ભાગ લીધો હતો. રાજ્ય સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ એવોર્ડ જયદિપસિંહજી બારીયા સિનિયર એવોર્ડથી વર્ષ ૨૦૦૯-૧૦ મા સન્માનીત કરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૧૭માં કે.એન.ડી.બી.એ., નાસીક દ્વારા રાષ્ટ્રીય યુવા પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા. ભરતજી ઠાકોર રાજ્ય સરકારની મહત્વાકાંક્ષી યોજના જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલના પ્રોજેક્ટ હેડ તરીકે અને સ્પોર્ટસ કન્સલટન્ટ તરીકે પણ ઉમદા કામગીરી બજાવેલ છે. ભરતજી ઠાકોર રાજ્યમાં ફેન્સીંગ એસોસીએશનના મહામંત્રી તરીકે કાર્યરત છે અને સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમી મા ટેલેન્ટ આઈડેન્ટીફિકેશન મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગુજરાતમા યોજાયેલ ૩૬મી નેશનલ ગેમ્સમા ઈન્ડીયન ઓલમ્પિક એસો.ના ગાધીનગરના કો-ઓર્ડિનેટર તરીકે અને ફેન્સીગ રમતના કોમ્પીટીશન મેનેજર તરીકેની બેવડી ભુમિકા નિભાવી ઈવેન્ટની સફળતામા યોગદાન આપ્યુ હતુ. તેમજ નેશનલ કક્ષાની ઘણી સ્પર્ધાઓમાં રેફ્રી તરીકેની નિષ્પક્ષ કામગીરી કરેલ છે. રમતગમત ક્ષેત્રમાં સૌમ્ય સ્વભાવના અને સ્વચ્છ છબી ધરાવતા તથા સ્પોર્ટસ એડમીનીસ્ટ્રેટર તરીકેની આગવી ઓળખ ધરાવતા ભરતજી ઠાકોરની કામગીરીને ધ્યાને લઈ ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડીયાના મહામંત્રી રાજીવ મહેતા દ્વારા ભરતજી ઠાકોરની કેડેટ અને જુનિયર વર્લ્ડ ફેન્સીગ ચેમ્પિયનશીપ ફેન્સીંગ માટે ભારતીય ટીમના હેડ ઓફ ધી ડેલીગેશન તરીકે નિયુક્તિ કરવામાં આવેલ છે. તેમજ આ સ્પર્ધામા ગુજરાતના પાચ ખેલાડીઓ વંદિતા બારડ, રીતુ પ્રજાપતી, દિવ્યરાજસિહ રાયજાદા, હર્ષવર્ધનસિહ ઝાલા અને અનિતા વણઝારા પણ આ સ્પર્ધામા દેશનુ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

અંધશાળા સે-૧૬ ખાતે ધો.૧૦/૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧

અંધશાળા સે-૧૬ ખાતે પ્રણાલિકા મુજબ ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના પેપર લહીયાનું સન્માન સમારંભ અને ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તેમજ ગુજરાત આઈએએસ વાઈફ એસો. દ્વારા સંસ્થા તમામ બાળકોને ગણવેશ અર્પણ વિધિ સંપન્ન થયો હતો. જેમાં ગુજરાત આઈએએસ વાઈફ એસો.ના પ્રેસિડેન્ટ શર્મિલ રાજકુમારના હસ્તે બાળકોને ગણવેશ આપવામાં આવ્યા હતા. ત્યારબાદતેઓએ સમારંભના અધ્યક્ષપદેથી ઉદબોધન કર્યું હતું. સંસ્થાના શિક્ષણ સંજયભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સંસ્થાના શુભચિંતક અને દાતા બળદેવભાઈ બી.પટેલ અને તેમના પરિવારનું સંસ્થાને સન્માન કર્યું હતું. જેમાં પ્રમુખ સ્થાને જયંતભાઈ બુચ, અતિથિ વિશેષ મુશેકભાઈ શુકલા, પ્રકાશભાઈ ખારોડ, કૈલાસભાઈ ગઢવી ઉપસ્થિત રહયા હતા. આ સમારંભમાં મુક સેવક નિલેન્દુભાઈ વોરાનું સન્માન પણ કરાયું હતું. કાર્યક્રમના અંતે સંસ્થાના કલાર્ક પન્નાલાલે આભારવિધિ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણનું મૂલ્ય વધારનાર ડૉ. રવિન્દ્રભાઈ દવેનું નિધન

ગાંધીનગર, તા. ૧

શિક્ષણ જગતના ઝળહળતા સિતારા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણનું મૂલ્ય વધારનાર સુપ્રસિદ્ધ શિક્ષણવિદ્ ડૉ. રવિન્દ્રભાઈ દવેનું અવસાન થતાં શિક્ષણજગતમાં આઘાતની લાગણી ફેલાઈ છે.

ગ્લોબલ ગુજરાતી ટીચર અને જ્ઞાન-દિવ્યતાના પ્રતિક એવા ડૉ. રવિન્દ્રભાઈ દવેનું નિધન હૈદરાબાદ ખાતે તેમની દિકરીના નિવાસસ્થાને થયુ છે. તેઓ સમાજના પનોતા પુત્ર હતા, એટલુ જ નહી તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણનું મૂલ્ય અનેકગણુ વધાર્યુ હતુ. તેઓ જર્મન યુનિવર્સિટીના પૂર્વ ચાન્સેલર હતા. પ્રખર બુદ્ધિજીવી, તત્વચિંતક અને સર્વ શિક્ષા અભિયાનના જનક એવા ડૉ. રવિન્દ્ર દવેનું અવસાન થતાં શિક્ષણ જગતમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. શિક્ષણજગતના મહાનુભાવોએ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

સંગ્રહિત ખાવાલાયક બટાટા માટે ખેડૂતોને એક કટ્ટા દીઠ રૂપિયા ૫૦ની સહાય મળશે

ગાંધીનગર, તા.૧

કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા કોલ્ડ સ્ટોરેજમાં માત્ર ખાવા લાયક માટેના બટાટા (ટેબલ પર્પજ) સંગ્રહ કર્યા હોય તેવા બટાટા પકવતા ખેડૂતોને એક કટ્ટા દીઠ રૂ. ૫૦ની સહાય આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા ઈચ્છતા ગાંધીનગર જિલ્લાના ખેડૂતોએ આ સહાય માટેની અરજી આઈ-ખેડુત પોર્ટલ પર કરવા નાયબ બાગયત નિયામકશ્રીએ જણાવ્યું છે. નાયબ બાગાયત નિયામકશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, આ સહાય યોજના અંતર્ગત તા. ૦૧/૦૨/૨૦૨૩ થી તા. ૦૧/૦૩/૨૦૨૩ દરમ્યાન કોલ્ડ સ્ટોરજમાં માત્ર ખાવા માટેના બટાટા (ટેબલ પર્પજ) સંગ્રહ કર્યા હોય તેવા ખેડૂતોને પ્રતિ કિલો રૂ. ૧/- લેખે ખેડૂતે એક કટ્ટા દીઠ રૂ. ૫૦ આપવામાં આવશે. આ સહાય યોજનાનો લાભ ખેડૂત દીઠ ૬૦૦ કટ્ટા (૩૦૦ ક્વિન્ટલ)ની મર્યાદામાં આપવામાં આવશે. પ્રોસેસિંગ જાત અને બિયાર સિવાયના બટાટા કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરવામાં આવ્યા હોય તો જ આ યોજનાનો લાભ મળશે.

આ સહાય યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ પર ખુલ્યાથી અરજી કરવાની રહેશે. ૭/૧૨, ૮-અ ની નકલ, કોલ્ડ સ્ટોરેજની તથા તેમાં મૂકેલ બટાટાની વિગત(કોલ્ડ સ્ટોરેજની પહોંચ/ રજિસ્ટ્રરની વિગત તથા સ્ટોક ખરાઈનું પ્રમાણપત્ર), કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલ બટાટાનો જથ્થો દર્શાવતી પાવતીનો પુરાવો, આધાર કાર્ડની નકલ, તલાટી કમ મંત્રીનો બટાટાનો વાવેતરનો દાખલો અને આધાર નંબર લીંક કરેલ બેંક પાસબુકની નકલ સાથે પોર્ટલ પર કરેલી અરજી સાથે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે રજૂ કરવાની રહેશે. આ અંગેની વધુ માહિતી માટે કચેરીનો ફોન નંબર –૦૭૯ ૨૩૨ ૫૭૭૬૦ અથવા ઈમેલ આઈ.ડી ddhgandhinagar @ gmail. com પર સંપર્ક કરવાનો રહેશે.

ગાંધીનગર જિલ્લાના કોલ્ડ સ્ટોરજ ધારકોએ અત્રેના જિલ્લામાં તાલુકાવાર આવેલા કોલ્ડ સ્ટોરેજની માહિતી, સરનામું, સંપર્ક નંબર તથા જે તે કોલ્ડ સ્ટોરજમાં ખેડૂતો દ્વારા બટાટાનો સંગ્રહ કરવામાં આવેલા હોય તેવા કોલ્ડ સ્ટોરેજવાઈઝ સ્ટોકની યાદી તથા સંગ્રહ કરનાર ખેડૂતોની યાદી સ્વપ્રમાણિત કરી સહી-સિક્કા સાથે તા. ૧૦મી એપ્રિલ- ૨૦૨૩ સુધી નાયબ બાગાયત નિયામકની કચેરીને ઉપરોક્ત સરનામે મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગરના દિલીપભાઈને ટ્રાયસિકલ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના રહેવાસી દિલીપભાઈ સીરાદિયા મજૂરીકામ કરતી વખતે પ્રથમ માળેથી પડી જતા ગંભીર ઈજાઓના કારણે કમરથી નીચેનો ભાગ લકવાગ્રસ્ત થઈ ગયો હતો. આર્થિક સ્થિતિ નબળી હોવાથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગરની ભલામણથી રાજ્ય શાખાના ચેરમેન અજયભાઈ પટેલ અને ડૉ. પ્રકાશ પરમાર દ્વારા ટ્રાયલ સાઈકલ આપી ઉત્તમ સેવાકાર્ય કરાયું છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ગાંધીનગરના ૯ દિવ્યાંગોને જિલ્લા શાખા દ્વારા ટ્રાયલ સાયકલ આપી સેવા કાર્ય કરાયું હતું.

સે-૨ ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૧

માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી દ્વારા રાજેશભાઈ સી. સોલંકી પ્લોટ નં. ૪૨૪/૨, સેક્ટર-૨-બી, ગાંધીનગર ખાતે ૨-૪-૨૩ને રવિવારના રોજ સમય બપોરે ૨ થી ૫ કલાક સુધી આનંદનો ગરબો યોજવામાં આવ્યો છે. સર્વે ભાવિ ભક્તોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સ્વાસ્થ્ય સ્વયંસેવક અભિયાન અંતર્ગત સિવિલ હોસ્પિટલ ખાતે શહેર ભાજપ દ્વારા પોતાના કાર્યકર્તાઓને સીપીઆર ટ્રેનિંગનું આયોજન

ગાંધીનગર, તા.૧

ભારતીય જનતા પાર્ટીના સ્વાસ્થ્ય સ્વયંસેવક અભિયાન અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ દ્વારા ૨ એપ્રિલ, રવિવારે ૧૦.૦૦ કલાકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે શહેર ભાજપ દ્વારા કાર્યકર્તાઓને તબીબો દ્વારા સીપીઆર ટ્રેનિંગ આપવા અંગેનું આયોજન કરવામાં આવ્યું છે જેનો પ્રારંભ ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી કરાવશે. જેમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન સહિત સંગઠનના હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

કોલવડા ખાતે રામકથાનો આરંભ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના કોલવડા ખાતે ૧ એપ્રિલથી ૭ એપ્રિલ દરમ્યાન રામકથાનું આયોજન કરાયુ છે. જેનો સમય બપોરે ૨.૩૦ કલાકનો રાખવામાં આવ્યો છે. કથાનું આયોજન શ્રી મહંત રાજપુત રામજી મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. રામકથાની પોથીયાત્રા ઘનશ્યામસિંહ મફાજી વાઘેલા પરિવારના નિવાસસ્થાનેથી નીકળી હતી. જ્યારે કથાની વ્યાસપીઠ પર યુવા કથાકાર સંજયભારતી બિરાજશે.

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજમાં નારાયણી ઈવેન્ટનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧

"મહિલા સશક્તિકરણ" ની થીમ પર જી-૨૦ ઉજવણી અંતર્ગત વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો દ્વારા તા. ૨૬ થી ૨૯ મી માર્ચ દરમિયાન નારાયણી ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આએ કાર્યક્રમ અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મહિલા સશક્તિકરણ પર નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું તથા ક્વિઝ, ડિબેટ, રંગોળી, વક્તૃત્વ, કવિતા પઠનવગેરે સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતાઓને ઈનામો અને પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા.

ડિબેટ સ્પર્ધા દરમિયાન વિધ્યાર્થીઓએ જેન્ડર ઈક્વાલિટી, વુમેન ઈકોનોમિક એમ્પાવર્મેન્ટ થ્રૂ ડિજીટલ ટ્રાન્સફોર્મેશન, વોમેન પાર્ટિસિપેશન ઈન સ્ટેમ જેવા વિષયો પર પોતાના મંતવ્યો રજૂ કરેલ હતાં.

રામનવમી નિમિત્તે સોનાસણ ખાતે પંચમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

શિષ્યવૃત્તિ પરીક્ષામાં જે.બી. પ્રાથમિક શાળાનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સેક્ટર-૨૩ સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ૩૫ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૨ જાન્યુઆરી-૨૦૨૩ના રોજ શિષ્યવૃત્તિની પરીક્ષાનું આયોજન કરાયુ હતુ. જે.બી. પ્રાથમિક શાળાના ત્રણ વિદ્યાર્થીઓ પટેલ પ્રદીપભાઈ (ધો. ૬-એ), ચૌધરી તન્મય સુધીરભાઈ (ધો. ૬), ગોસાઈ શ્લોકગીરી સુશીલગીરી (ધો. ૬) સ્કોલરશીપ મેળવવા પાત્ર થયેલ છે. આચાર્ય નિવાબેન પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, આદરજ-૨ તથા રાયપુરને નેશનલ કવોલીટી એશ્યોરન્સ એક્રિડીટેશન પ્રમાણપત્ર એનાયત

ગાંધીનગરઃ શનિવારઃ

નેશનલ કવોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ એક્રિડીટેશન અંતર્ગત નેશનલ એમ્પેનલ એસેસર્સ દ્વારા આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર આદરજ-૨ ને ૯૮ ટકા અને રાયપુરને ૯૬ મેળવીને ગાંધીનગર જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

જિલ્લાના આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, આદરજ-૨ તથા આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટ્ર, રાયપુરને ગુણવત્તાની દષ્ટિએ રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવી છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવેલી જાહેરાત અંતર્ગત આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, આદરજ-૨ તથા રાયપુરને નેશનલ કવોલીટી એશ્યોરન્સ એક્રિડીટેશન આપવામાં આવ્યું છે. આરોગ્ય સેવાને લગતી રાષ્ટ્રીયકક્ષાની ગુણવત્તા સંબંધિત આ પ્રમાણપત્ર બાબતે અગાઉ જિલ્લા કક્ષાએથી રાજય કક્ષાએ અને રાજય કક્ષાએથી રાષ્ટ્રીય કક્ષાએ અરજી કરવામાં આવી હતી. આ અંતર્ગત વિવિધ માપદંડો પ્રમાણે આદરજ-૨ અને રાયપુર પેટા આરોગ્ય કક્ષાએથી રાજય કક્ષાએ અને રાજય કક્ષાએથી રાષ્ટ્રીય કક્ષાએ અરજી કરવામાં આવી હતી. આ અંતર્ગત વિવિધ માપદંડો પ્રમાણે આદરજ-૨ અને રાયપુર પેટા આરોગ્ય કેન્દ્રોનું સર્વાંગિક મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અંતર્ગત ૧૨ સર્વિસ પેકેજ જેવા કે સર્ગભા માતાની પ્રસુતિ તથા પ્રસુતિ પછીની સારસંભાળ, નવજાત શિશુ અને ૧ વર્ષથી નાના બાળકના આરોગ્યની સંભાળ, રસીકરણ સહિત બાળસંભાળ અને કિશોર કિશોરીઓને લગતી પુરતી આરોગ્ય સેવા, કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ તેમજ તેને સંલગ્ન આરોગ્ય સેવાઓ, સામાન્ય રોગચાળા દરમ્યાન આપવાની થતી સેવાઓ તેમજ સામાન્ય બિમારીઓના ઉપચાર, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું સઘન સંચાલન જેમાં સંચારી રોગચાળા સંબંધિત પ્રોગ્રામ અમલીકરણ, ડાયાબિટીસ, હાયપર ટેન્શન, કેન્સર જેવા નોન કોમ્યુનિકેબલ રોગોનું નિદાન અને સારવાર, આંખ,કાન, નાક તથા ગળાને લગતી બિમારી અને રોગોનું સ્ક્રીનીંગ નિદાન તેમજ સારવાર, દાંતના આરોગ્યને સંબંધિત સેવાઓ, માનસિક આરોગ્યને લગતી બિમારીઓનું નિદાન તેમજ સારવાર, વધુ વય ધરાવતા વ્યક્તિઓ માટે ઉંમર સંલગ્ન સારવાર તેમજ ઈમરજન્સી સેવાઓ સાથે સાથે કાર્યક્રમો તથા જનરલ એડમીનીસ્ટ્રેશન, ફાઈનાન્સને લગતી વિવિધ બાબતો તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓનું ચેકીંગ રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવે છે. આ માટે દર્દીઓનો અભિપ્રાય પણ લેવામાં આવ્યા હતા. ચકાસણી કર્યા બાદ તાજેતરમાં નેશનલ એમ્પેનલ એસેસર્સ દ્વારા સેવા અને સુવિધાની ગુણવત્તા સંબંધિત આદરજ-૨ પેટા આરોગ્ય કેન્દ્રને કુલ- ૯૮ ટકા અને પેટા આરોગ્ય કેન્દ્ર – રાયપુરને ૯૬ ટકા માર્કસ સાથે આ પેટા આરોગ્ય કેન્દ્રોને એન.ક્યુ.એ.એસ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

આ સન્માન બદલ જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તેમજ સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર જિલ્લાના આરોગય વિભાગને અભિનંદન પાઠવ્યા છે.